## જન્મદિને વધામણી



જિજ્ઞેશ જાની
પ્રેસ ફોટોગ્રાફર
(પાયલ સ્ટુડિયો)
મો. ૯૪૨૮૫ ૯૫૯૭૬



સાર્થક ગૌતમ
જનરલ મેનેજર
જીએસપીસીએલ
મો. ૯૮૨૫૦ ૦૫૪૩૬

# પ્રશ્નો તથા ઑપ્શનમાં ભૂલ હોવાથી પરિણામ પહેલાં જ સાયન્સના પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થીઓને ગુણ આપી દેવાયા

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઑક્ટોબર પરીક્ષાની ફાઈનલ આન્સર કી જાહેર કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઓક્ટોબર-નવેમ્બર, ૨૦૧૫માં લેવામાં આવેલી સાયન્સ પ્રથમ અને ત્રીજા સેમેસ્ટરની પરીક્ષાની ફાઈનલ આન્સર કી જાહેર કરવામાં આવી છે. જેમાં ઘણા પ્રશ્નોમાં ભુલો હોવાના પગલે પરિણામ પહેલા જ વિદ્યાર્થીઓને માર્ક આપી દેવામાં આવ્યા છે. પ્રથમ સેમેસ્ટરમાં ગુજરાતી માધ્યમના વિદ્યાથીઓને ૬ ગુણની અને અંગ્રેજી માધ્યમના વિદ્યાથીઓને ૯ ગુણની લ્હાણી કરાઈ છે. જ્યારે ત્રીજા સેમેસ્ટરમાં ગુજરાતી માધ્યમના વિદ્યાથીઓને ૧૦ ગુણની તથા અંગ્રેજી માધ્યમના વિદ્યાથીઓને ૧૧ ગુણની લ્હાણી કરવામાં આવી છે.

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૩૦ ઓક્ટોબરથી સાયન્સ પ્રથમ અને ત્રીજા સેમેસ્ટરની પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષા ૭ નવેમ્બરના રોજ પૂર્ણ થયા બાદ બોર્ડ દ્વારા પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરવામાં આવી હતી. પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરાયા બાદ વિદ્યાથીઓ પાસેથી આન્સર કીમાં કોઈ ભુલ હોય તો પુરાવા સાથે રજૂઆત કરવા માટે મુદત અપાઈ હતી. મુદત દરમિયાન અનેક વિદ્યાર્થીઓએ પુરાવા સાથે બોર્ડ સમક્ષ રજૂઆત કરી હતી. જેના પગલે બોર્ડ દ્વારા રજૂઆતો વિષય નિષ્ણાતોને તપાસ માટે આપી હતી અને તેમના અભિપ્રાય બાદ બોર્ડ દ્વારા સત્તાવાર રીતે બુધવારે ફાઈનલ આન્સર કી જાહેર કરવામાં આવી હતી. ફાઈનલ આન્સર કીમાં પ્રથમ અને ત્રીજા સેમેસ્ટરમાં પરિણામ જાહેર થાય તે પહેલાં જ વિદ્યાર્થીઓને માર્ક આપી દેવામાં આવ્યા હતા.

ઘણા પ્રશ્નો તથા ઘણા જવાબોમાં ભુલો હોવાનું ધ્યાને આવતા તેમાં બોર્ડ દ્વારા ફેરફાર કરવામાં આવ્યો હતો. જેના પગલે કેટલાક પ્રશ્નોમાં તમામ વિદ્યાર્થીઓને ગુણ આપી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેના પગલે સેમેસ્ટર-૧માં ગુજરાતી અને હિન્દી માધ્યમના વિદ્યાર્થીઓને ૬ ગુણ મળશે અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને ૯ ગુણ મળશે. જ્યારે ત્રીજા સેમેસ્ટરમાં ગુજરાતી અને હિન્દી માધ્યમના વિદ્યાથીઓને ૧૦ ગુણ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાથીઓને ૧૧ ગુણ મળશે. આમ પરિણામ પહેલા ગુણ મળવા ઉપરાંત અન્ય કેટલાક પ્રશ્નોમાં પણ ભુલ હોવાથી તેમાં પણ એકથી વધુ ઓપ્શન સાચા હોવાનું બોર્ડે ફાઈનલ આન્સર કીમાં દર્શાવ્યું છે. જેમાં સેમેસ્ટર-૧માં ફિઝીક્સમાં ૧ પ્રશ્નના બે ઓપ્શન સાચા હોવાનું જણાવાયું છે.

જ્યારે બાયોલોજીમાં અંગ્રેજી માધ્યમમાં ૨ પ્રશ્નોના ત્રણ ઓપ્શન અને ૪ પ્રશ્નોના બે ઓપ્શન સાચા છે અને ગુજરાતી માધ્યમમાં ૧ પ્રશ્નના ત્રણ ઓપ્શન તેમજ ૪ પ્રશ્નના બે ઓપ્શન સાચા હોવાનું જણાવ્યું છે. કેમેસ્ટ્રીમાં પણ ત્રણ પ્રશ્નોના બે ઓપ્શન સાચા છે. સેમેસ્ટર-૩ના કેમેસ્ટ્રીમાં ૨ પ્રશ્નોના બે ઓપ્શન સાચા હોવાનું જણાવાયું છે. જ્યારે બાયોલોજીમાં ગુજરાતી માધ્યમમાં ૨ પ્રશ્નોના બે ઓપ્શન એક પ્રશ્નના ત્રણ ઓપ્શન તેમજ અંગ્રેજી માધ્યમમાં ૫ પ્રશ્ના બે ઓપ્શન તથા એક પ્રશ્નના ત્રણ ઓપ્શન સાચા છે. ફિઝીકસમાં પણ બે ઓપ્શન સાચા હોય તેવા ૪ પ્રશ્નો છે.

# આફ્રિકા અને કેન્યાની ૫૧ કંપનીઝના ચૅરમૅન નિઝાર જુમાએ બ્રહ્માકુમારીઝની મુલાકાત લીધી



ગાંધીનગર, તા. ૨૬

ઓલ પેક, બ્યુજાગલી એનર્જી, અલટેક્સ ઈપીઝેડ, ફાર્મર્સ ચોઈસ, ઈન્ડસ્ટ્રીયલ પ્રમોશન સર્વિસ, આઈપીએસ પાવર, આઈપીએસ કેબલ સિસ્ટમ, જ્યુબિલી હોલ્ડીંગ્સ, જ્યુબિલી ફાયનાન્સીયલ સર્વિસિસ, લેધર ઈન્ડસ્ટ્રીઝ ઓફ કેનિયા, કમ્પાલા ફાર્માસ્યુટીકલ્સ, ફીઝોકેમ, ઓસવાલ પાવર, ધી જ્યુબિલી ઈન્શ્યોરન્સ કંપની ઓફ કેનિયા જેવી આફ્રિકા અને કેનેડાની ૫૧ લિમિટેડ કંપનીઝના બૉર્ડ ઑફ ડિરેક્ટર્સનાં ચૅરમૅન આદિદાસ ટીમ સ્પોર્ટ્સ, કાસીના ઈન્ટરનેશનલ અને ઓરબીટ સ્પોર્ટ્સ લિ.ના મેનેજિંગ ડિરેક્ટર અને ડાયમન્ડ ટ્રસ્ટ બેન્ક, કેન્યા, વર્લ્ડ બિઝનેસ એકેડેમીના બૉર્ડ ઑફ ડિરેક્ટર તથા ઈન્ડસ્ટ્રીયલ પ્રમોશન બિલ્ડીંગ અને ટીપીએસ હોલ્ડીંગ્સ લિમિટેડ સાથે જોડાયેલા નિઝાર જુમાએ સૅક્ટર-૨૮ ખાતે સ્થિત બ્રહ્માકુમારી કેન્દ્રની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

કેન્દ્રનાં નિયમક રાજયોગિની કૈલાસદીદીએ પરમપિતા શિવ પરમાત્માના આ પવિત્ર સ્થાનમાં તેમનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. સેવાકેન્દ્રના આધ્યાત્મિક વાયબ્રેશન અને શાંતિમય માહોલથી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા એટલું જ નહીં, પરંતુ સ્વેચ્છાએ પાંચ મિનિટ સુધી યોગ કક્ષમાં તેમણે સમય પણ વિતાવ્યો હતો અને ધ્યાનનો આનંદ પ્રાપ્ત કર્યો હતો.

સેવાકેન્દ્ર ખાતે બ્રહ્માકુમારી બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલું ગુજરાતી ભોજન પણ તેમણે ભાવપૂર્વક આરોગ્યું હતું. પરમાત્માની યાદરૂ ભેટનો સ્વીકારતાં તેમણે ગાંધીનગરના કુદરતી અને મનમોહક સૌંદર્યના ભારોભાર વખાણ કર્યા હતા અને પુનઃ સમય લઈને આ સ્થાનની મુલાકાત લેવાનું વચન આપ્યું હતું.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
પ્રેમ રતન ધન પાયો
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
છેલ્લો દિવસ
૧.૦૦, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
સ્પેક્ટર (અંગ્રેજી)
૪.૪૫
ધ હંગર ગેમ્સ
૨.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
છેલ્લો દિવસ
સવારે ૧૦.૦૦
પ્રેમ રતન ધન પાયો
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૫**
તમાશા
૧૦.૦૦, ૯.૩૦

## ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની નાણાંકીય સહાયથી રવિશંકર રાવળ કલાભવન ખાતે ૬ ડિસેમ્બરથી ધારા વઘાસિયાનાં ચિત્રોનું પ્રદર્શન યોજાશે



ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની નાણાકીય સહાયથી ધારા વઘાસિયાનાં ચિત્રોનું પ્રદર્શન આગામી તા. ૬ ડિસેમ્બરથી અમદાવાદ ખાતે યોજાઈ રહ્યું છે.

'મોરપિચ્છને સરનામે' નામક આ ચિત્ર પ્રદર્શનનો ઉદ્ઘાટન સમારોહ તા. ૬ ડિસેમ્બરના રોજ સાંજે પાંચ કલાકે રવિશંકર રાવળ કલાભવન ખાતો યોજવામાં આવ્યો છે, જેમાં ખ્યાત સાહિત્યકાર માધવ રામાનૂજ, આણંદના વેપારી રાજેન્દ્રકુમાર પટેલ, ખ્યાત ચિત્રકાર તરુણ કોઠારી અને વિનય પંડ્યા ઉપસ્થિત રહેશે. એ પછી રવિશંકર રાવળ કલાભવન ખાતે ૧૦ ડિસેમ્બર સુધી બપોરે ૧૨થી રાત્રે ૮ દરમ્યાન આ પ્રદર્શન જાહેર જનતા માટે ખુલ્લું રહેશે. ઉપરાંત કલાકાર ધારા વઘાસીયા દ્વારા પ્રદર્શન દરમ્યાન તા. ૮ ડિસેમ્બરના રોજ બપોરે ૩ કલાકે લાઈવ ડેમોન્સ્ટ્રેશન પણ પ્રસ્તુત કરવામાં આવશે.

# નવા ચહેરાઓને તક મળશે તો જ ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ પ્રગતિ કરશે

## સફળ અભિનેતા બનવા માટે બધી પરિસ્થિતિનો સામનો કરવાની તૈયારી રાખવી : જનક ઠક્કર

ગાંધીનગર, તા. ૨૬

'આજે ગુજરાતી ફિલ્મો ધીમે ધીમે શહેરીકરણ તરફ વળી રહી છે એ સારી વાત છે ને એમાં નવા ચહેરાઓને સ્થાન મળી રહ્યું છે એ તો એથીય વધુ સારી વાત છે. નવા ચહેરાઓને તક મળશે તો જ નવાપણું આવશે અને તો જ ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ પ્રગતિ કરશે.'

ગુજરાતી-હિન્દી ટીવી સિરિયલ્સના જાણીતા ચહેરા અને ગાંધીનગરના સૅક્ટર-૭ ડીના રહેવાસી જનક ઠક્કરના આ શબ્દો છે.

જનકના પિતા જશવંતભાઈ ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ બૉર્ડના નિવૃત્ત ચૅરમૅન છે અને માતા સરોજબેન ગૃહિણી છે, બે ભાઈઓ અને બે બહેનો છે. તેણે પ્રાથમિક અભ્યાસ માઉન્ટ કાર્મેલ સ્કૂલ, ગાંધીનગર ખાતે કર્યો અને કૉલેજકક્ષાનો અભ્યાસ ગુજરાત કૉલેજ, અમદાવાદ ખાતે કર્યો. એ પછી મુંબઈ જઈને અભિનયની તાલીમ પ્રાપ્ત કરી, જે માટેની પ્રેરણા પારિવારિક કાકા અને અમદાવાદના ખ્યાત કલાકાર જિતેન્દ્ર ઠક્કરે પૂરી પાડી. એમાં ઉદ્દીપકનું કામ કર્યું મશહૂર બૉલીવૂડ પ્રૉડ્યુસર-ડિરેક્ટર કે સી બોકાડિયાએ. અને પછી જનકની અભિનય-યાત્રા ૨૦૦૫થી શરૂ થઈ. પ્રથમ ગુજરાતી સિરિયલ કરી - ખોબો ભરીને જિંદગી. એ પછી જી ગુજરાતી પર ડૉક્ટરની ડાયરી, ઈ ટીવી ગુજરાતી પર છૂટાછેડા, નિહારીકા, સોની ટીવી પર સીઆઈડી, ઝી ટીવી પર તીન બહુરાનીયાં કરી, ગુજરાતી ફિલ્મ 'હું રે વિજોગણ તારા નામની', 'નાથીયો', 'રઘુવંશી' પણ કરી.

કલર્સ ગુજરાતી પર તેની આગામી સિરિયલ 'સુરી' પણ નજીકના ભવિષ્યમાં આવી રહી છે, જેમાં તે ગામના મુખી સિધ્ધરાજભાનું પાત્ર ભજવી રહ્યો છે. શિક્ષણ બાબતે ખોટી માન્યતાઓનો ભંગ કરતી નાનકડી બાળા ઉપર આધારિત આ સિરિયલમાં કામ કરવાનો પોતાને ખૂબ આનંદ મળ્યો છે એમ જનકનું કહેવું છે. સફળ અભિનેતા બનવા માટે દરેક પ્રકારની પરિસ્થિતિનો



સામનો કરવાની તૈયારી રાખવી જોઈએ. સફળ કલાકાર એ છે જેને ઈચ્છિત રોલ મળે છે અને હંમેશા વિદ્યાર્થી રહેવામાં ઘણું શીખવા મળે છે એવો જનકનો મત છે.

દિપિકા પાદુકોણે તેની ફેવરીટ નાયિકા છે અને તે અમિતાભ બચ્ચનથી ખૂબ પ્રભાવિત છે. તેના મતે 'બચ્ચનસાહેબ અભિનયની યુનિવર્સિટી છે.' તેમની સાલસતા, તેમના અનુશાસન, તેમની નિષ્ઠામાંથી પણ નવા અભિનેતાઓ ઘણું શીખી શકે છે. આ બંને કલાકારો સાથે કામ કરવું એ જનકનું સ્વપ્ન છે.

જનક માત્ર અભિનેતા જ છે, એવું નથી, તે એક સંવેદનશીલ સમાજસેવક પણ છે. તેણે ૨૦૦૯માં 'નવનિર્માણ સેના' નામે એક સેવાસંસ્થાની શરૂઆત કરી છે, જે અંતર્ગત જરૂરિયાદમંદોની જરૂરી ચીજવસ્તુઓની વહેંચણી સહિતની અનેકાનેક સામાજિક સેવાઓ તે બજાવે છે. ''આવાં કામ કરવાથી મનને શાંતિ મળે છે અને આવાં કામ જ માણસને માણસ બનાવે છે.''

આવો સંવેદનશીલ નાગરિક અને કલાકાર યુવાન આવતીકાલે એટલે કે શુક્રવારે અમદાવાદની યુવતિ અને રાસ-ગરબાની કલાકાર, વ્યવસાયે ગાયનેકોલૉજીસ્ટ ડૉ. વિરલ ઠક્કર સાથે પ્રભુતામાં પગલાં માંડી રહ્યો છે, ત્યારે નગરના કલાજગત તરફથી બંનેનાં સ્વપ્નો સાકાર થાય તેવી શુભકામનાઓ!

મુલાકાત : કશ્યપ નિમાવત
આલેખન : કુંતલ નિમાવત

# ગીતામાં ગાંધી વિચારદર્શન

મહાત્મા ગાંધીના વિચારો અને તેમનું ચિંતન આજે પણ એટલું જ પ્રસ્તુત છે. વ્યક્તિ, સમાજ અને દેશના પ્રશ્નો ઉકેલવામાં તે માર્ગદર્શક અને ઉપયોગી છે. માત્ર પાંડિત્ય નહિ પણ સ્વાનુભવ અને ઊંડા અભ્યાસને આધારે રજૂ થયેલા તેમના નિર્ભિક વિચારો પ્રેરક અને ક્રાંતિકારી હોય છે. પ્રસ્તુત લેખમાં કર્મફલ ત્યાગ અર્થાત્ અનાસક્તિયોગ વિશેનું તેમનું ચિંતન પ્રસ્તુત છે.



ગીતા અને મહાભારતનો અભ્યાસ કર્યા પછી તેમણે લખ્યું છે કે ગીતા અને મહાભારતમાં આવતું યુદ્ધનું વર્ણન કે તેનાં પાત્રો ભલે ઐતિહાસિક હોય, પણ મહાભારતકાર વ્યાસે ગીતા કે મહાભારતની રચના કોઈ ઈતિહાસ ગ્રંથ લખવા માટે કરી ન હતી. તેમની રચના ધર્મનું નિરૂપણ કરવા માટે કરેલી છે. તેઓ આ અંગે જણાવે છે કે મહાભારતમાં ગીતા શિરોમણીરૂપે બિરાજે છે. તેનો બીજો અધ્યાય ભૌતિક યુદ્ધવ્યવહાર શીખવવાને બદલે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો શીખવે છે. ભગવાન વ્યાસને ગીતામાં ઈતિહાસ કે યુદ્ધનું વર્ણન અભિપ્રેત નથી. તેમને અભિપ્રેત છે ધર્મનું વર્ણન.

ગીતાના ચોથા અધ્યાયમાં અવતારનું વર્ણન આવે છે. મહાત્મા ગાંધીએ અવતારનો જે અર્થ કર્યો છે તે ક્રાંતિકારી છે. તેમના મતે અવતાર એટલે શરીરધારી પુરુષવિશેષ. જીવમાત્ર ઈશ્વરનો અવતાર છે. પણ બધાંને આપણે અવતાર નથી કહેતા. જે પુરુષ પોતાના યુગમાં સૌથી શ્રેષ્ઠ ધર્મવાન છે તેને જ ભવિષ્યની પ્રજા અવતાર તરીકે પૂજે છે. જેનામાં



**વાચકોની કોલમ**
- પ્રો. ડો. અંબાલાલ પ્રજાપતિ

ધર્મજાગૃતિ પોતાના યુગમાં સૌથી વધારે છે, તે વિશેષ અવતાર છે. એ દૃષ્ટિએ શ્રીકૃષ્ણરૂપી અવતાર આજે હિન્દુ ધર્મમાં સામ્રાજ્ય ભોગવે છે. મનુષ્યને સુખી થવાનો માર્ગ બતાવતાં તેઓ કહે છે કે મનુષ્યને ઈશ્વરરૂપ થયા સિવાય સુખ મળતું નથી. ઈશ્વરરૂપ થવાના પ્રયત્નનું નામ જ ખરો પુરુષાર્થ છે. આ જ આત્મદર્શન.

ધર્મ અને અવતાર વિશેની વાત કર્યા પછી ગાંધીજી ગીતાના પ્રતિમાદ્ય વિષય વિશે પોતાનો મત જણાવે છે. આત્મદર્શન એ બધા ધર્મગ્રંથોનો વિષય હોય છે. ગીતાનો પણ એ જ વિષય છે. પણ ગીતાકારે એ વિષયનું પ્રતિપાદન કરવા ગીતાની રચના કરી નથી. પણ આત્માર્થીને આત્મદર્શન કરાવવાનો એક અદ્વિતિય ઉપાય બતાવવાનો આશય છે. જે વસ્તુ હિન્દુ ધર્મમાં છૂટીછવાઈ જોવામાં આવે છે, તેને ગીતાએ અનેક રૂપોમાં અને અનેક શબ્દોમાં પુનરુક્તિનો દોષ વહોરીને પણ સારી રીતે સ્થાપિત કરી છે.

એ ઉપાય છે કર્મ-ફલ-ત્યાગ. જ્ઞાન, ભક્તિ આદિ તેની આસપાસ તારામંડળરૂપે ગોઠવાઈ ગયાં છે. દેહ છે ત્યાં સુધી કર્મ તો છે જ. તેમાંથી કોઈ મુક્ત નથી. પણ કર્મમાં કંઈક દોષ તો છે જ. મુક્તિ તો નિર્દોષને જ મળે. ત્યારે કર્મબંધનમાંથી કે દોષના સ્પર્શથી કેમ છૂટાય? આનો જવાબ ગીતાજીએ નિશ્ચયાત્મક શબ્દોમાં આપ્યો. 'નિષ્કામ કર્મથી' યજ્ઞાર્થે કર્મો કરીને, બધાં કર્મો કૃષ્ણને અર્પણ કરીને. આમ મહાત્મા ગાંધી કર્મફલત્યાગને ગીતાનો કાવ્યાર્થ કે પ્રતિપાદ્ય વિષય દર્શાવે છે.

ગીતામાં કર્મની સાથે જ્ઞાન અને ભક્તિનો પણ વિચાર થયો છે. પણ જ્ઞાન અને ભક્તિ સાધકને કર્મફલત્યાગ માટે તત્પર કરવા સારુ છે. જ્ઞાની અને ભક્ત બંને માટે ગીતામાં ભગવાને સ્પષ્ટ કહ્યું છે કે 'કર્મ કર્યા વિના કોઈ સિદ્ધિ પામ્યા નથી. જનક આદિ પણ કર્મ વડે જ્ઞાની થયા. જો હું પણ આળસ રહિત થઈને કર્મ ન કરું તો આ લોકનો નાશ થાય તો પછી બીજાનું તો પૂછવું જ શું? જ્ઞાની કે ભક્ત માટે પણ ફલાસક્તિ કે કર્મફલનો ત્યાગ કર્યાથી જ મુક્તિ કે મોક્ષ પ્રાપ્ત થાય છે.'

ફળત્યાગ વિશે વધારે સ્પષ્ટતા કરતાં ગાંધીજી જણાવે છે કે ફળત્યાગ એટલે પરિમામ વિશે બેદરકારી નહિ. પરિણામ તેમજ સાધનનો વિચાર અને તેનું જ્ઞાન આવશ્યક છે. એ થયા પછી મનુષ્ય પરિણામની ઈચ્છા કર્યા વિના સાધનામાં તલ્લિન રહે છે તે ત્યાગી છે. ફલાસક્તિને કારણે જ માણસમાં અધિરાઈ આવે છે અને તે ધીરજ ગુમાવે એટલે ક્રોધ ઉત્પન્ન થાય છે.

ક્રોધ આવે એટલે સારાસારનો કે નીતિ-અનીતિનો વિવેક રહેતો નથી. પછી મનુષ્ય કોઈપણ સાધનથી કાર્ય સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે છે. ફલાસક્તિનાં આવાં કડવાં પરિણામોમાંથી મુક્તિ માટે ગીતાકારે અનાસક્તિયોગ કે કર્મફલત્યાગનો સિદ્ધાંત ઘટાવ્યો છે, અને તેને આકર્ષક ભાષામાં જગતની સામે મૂક્યો છે.